# પંદરમી ગુજરાત વિધાનસભા
## કામકાજ સલાહકાર સમિતિ
## બારમો અહેવાલ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો બારમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક ગુરુવાર, તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ બપોરના ૦૧–૧૫ વાગ્યે માનનીય અધ્યક્ષશ્રીના સમિતિખંડમાં મળી હતી. સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણો કરી છે.

**૧.** સોમવાર, તા.૨૩/૦૨/૨૦૨૬ના રોજ નિયમ–૧૨૦ હેઠળના માનનીય મુખ્યમંત્રીશ્રીના "વંદેમાતરમ્" ગાનના ૧૫૦ વર્ષની ઉજવણી અંગેના સરકારી સંકલ્પ પર ચર્ચા કરવી અને તેને ૯૦ મિનિટનો સમય ફાળવવો તથા ત્યારબાદ તે દિવસની બેઠકના નિર્ધારીત કામકાજ રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજા અને છેલ્લા દિવસ) હાથ ધરવી અને ચર્ચા માટે ગૃહનો સમય ૯૦ મિનિટ લંબાવવો.

**૨.** ગુરુવાર, તા.૦૫/૦૩/૨૦૨૬ના રોજની સભાગૃહની બેઠક રદ કરવી અને શનિવાર, તા.૨૮/૦૨/૨૦૨૬ના રોજ સભાગૃહની બેઠક રાખવી અને તેમા તા.૦૫/૦૩/૨૦૨૬ના રોજની નિર્ધારીત તારાંકિત પ્રશ્નોત્તરી હાથ ધરવી. ગુરુવાર, તા.૨૬/૦૨/૨૦૨૬ના રોજનું બિન–સરકારી કામકાજ શુક્રવાર, તા.૨૭/૦૨/૨૦૨૬ના રોજ હાથ ધરવું તેમજ ગુરુવાર, તા.૦૫/૦૩/૨૦૨૬ના રોજનું નિર્ધારીત બિન–સરકારી કામકાજ રદ કરવું. તદ્નુસાર સભાગૃહનું કામકાજ હવે, નીચે મુજબ રહેશે.

| | | |
|---|---|---|
| ગુરુવાર | ૨૬/૦૨/૨૦૨૬ | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) |
| શુક્રવાર | ૨૭/૦૨/૨૦૨૬ | (૧) અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ( ત્રીજો દિવસ)<br>(૨) બિન–સરકારી સંકલ્પો |
| શનિવાર | ૨૮/૦૨/૨૦૨૬ | (૧) પૂરક વિનિયોગ વિધેયક<br>(૨) અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) |

પાછળ..

**૩.** શુક્રવાર, તા.૦૬/૦૩/૨૦૨૬ના રોજની સભાગૃહની બેઠક રદ કરવી અને તા.૧૪/૦૩/૨૦૨૬ના રોજ સભાગૃહની બેઠક રાખવી અને તેમાં તા.૦૬/૦૩/૨૦૨૬ના રોજની નિર્ધારીત તારાંકિત પ્રશ્નોત્તરી હાથ ધરવી. તદ્નુસાર સભાગૃહનું કામકાજ હવે, નીચે મુજબ રહેશે.

| | | |
|---|---|---|
| સોમવાર | ૦૯/૦૩/૨૦૨૬ | (૧) વધારાના ખર્ચની માંગણીઓ પર ચર્ચા અને મતદાન<br>(૨) માંગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) |
| મંગળવાર | ૧૦/૦૩/૨૦૨૬ | **પહેલી બેઠક**<br>માંગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)<br>**બીજી બેઠક**<br>માંગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) |
| બુધવાર | ૧૧/૦૩/૨૦૨૬ | માંગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) |
| ગુરૂવાર | ૧૨/૦૩/૨૦૨૬ | **પહેલી બેઠક**<br>માંગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)<br>**બીજી બેઠક**<br>માંગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) |
| શુક્રવાર | ૧૩/૦૩/૨૦૨૬ | (૧) માંગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)<br>(૨) બિન–સરકારી સંકલ્પો |
| શનિવાર | ૧૪/૦૩/૨૦૨૬ | માંગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) |

**૪.** મંગળવાર, તા.૨૪/૦૩/૨૦૨૬ના રોજ સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૨– સન ૨૦૨૬નું ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયક ચર્ચા માટે હાથ ધરવું અને તેની વિચારણા પૂરી કરવી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તારીખઃ ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૬**

**શંકરભાઈ ચૌધરી**
**પ્રમુખ,**
**કામકાજ સલાહકાર સમિતિ.**